# ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ

## સર્વ શિક્ષા અભિયાન

સેક્ટર નં. ૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭, ગુજરાત રાજ્ય
ફોન નં. :૦૭૯–૨૩૨૩૫૦૬૯, ૨૩૨૩૪૯૭૯
ફેક્સ :– ૦૭૯–૨૩૨૩૨૪૩૬
Email: dpepgujarat@yahoo.com
ટોલ ફ્રી નંબર : ૧૮૦૦–૨૦૦–૭૯૬૫

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

મનોજ અગ્રવાલ, IAS
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
કમિશ્નર, મધ્યાહન ભોજન યોજના
અને પ્રાથમિક શિક્ષણ

ક્રમાંક : SSA/MIS/૨૦૧૨ /૪૯૭૫-૯૭૫ તારીખ : /૯/૨૦૧૨

પ્રતિ,
આચાર્યશ્રી,
જિલ્લા- તમામ

**વિષય: ગુજરાતની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં "કમ્પ્યુટર દ્વારા શિક્ષણ" પ્રોજેક્ટ બાબતની આચાર્ય (હેડ માસ્ટર) માટે ખાસ સુચિકા**

(હાર્ડવેર, સોફ્ટવેર, મેનપાવર સર્વીસ પૂરા પાડવા ઉપરાંત શિક્ષકોની તાલીમ અને સીસ્ટમ મેઇન્ટનન્સ સાથે)

સંદર્ભ: અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: એસએસએ/MIS/૨૦૧૧/૨૯૭૨૯-૭૫૭, તા.૬/૮/૨૦૧૧.

## પ્રોજેક્ટ વિશેની માહિતી:

**મુખ્ય હેતુ:**

"ગુજરાત કાઉન્સીલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન (GCEE), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની આશરે ૧૪૮૫૬ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન (SSA) હેઠળ "કમ્પ્યુટર દ્વારા શિક્ષણ" આપવું."

- ઉપર્યુક્ત પ્રોજેક્ટ માટે ૧૪૮૫૬ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓને કુલ ૬ ઝોનમાં નીચે મુજબ વહેંચવામાં આવેલ અને તે પ્રમાણે ઝોન મુજબ હાર્ડવેર, સોફ્ટવેર, મેનપાવર સર્વીસ પૂરા પાડવા ઉપરાંત શિક્ષકો અને વિદ્યાર્થીઓની તાલીમ અને સીસ્ટમ મેઇન્ટેનન્સ માટે એજન્સી નક્કી કરવામાં આવેલ છે.

Created With Trial Version
http://teachersvadodara.yolasite.com/

- શાળા કો-ઓર્ડિનેટરની શાળામાં નિયમિત હાજરી
- બંધ પડેલ અથવા ખામીયુક્ત સાધન સામગ્રીનું તાત્કાલિક નિવારણ
- શાળા કો-ઓર્ડિનેટરની ભુમિકા શૈક્ષણિક કાર્યમાં કમ્પ્યુટરના ઉપયોગથી શિક્ષકને સહકાર આપવાની છે અને કમ્પ્યુટર વિષય શિક્ષણ માટે નથી તે બાબત ખાસ ધ્યાને લેવી
- દરેક કમ્પ્યુટર લેબમાં શાળા કો-ઓર્ડિનેટરનું નામ અને ફોન નંબર, ઝોનલ કો-ઓર્ડિનેટરનું નામ અને ફોન નંબર તથા હેલ્પ ડેસ્ક ફોન નંબર પ્રદર્શિત કરતું પત્રક મુકવું ફરજિયાત છે જેનું માળખું અત્રે સામેલ છે.
- શાળાને આપવામાં આવેલ કમ્પ્યુટર લેબ બાળકોના ઉપયોગ માટે છે. શાળાના તમામ બાળકો જ્યારે પણ કમ્પ્યુટરનો ઉપયોગ કરવા માંગે તે સમયે તેમને ઉપયોગ કરવા દેવો.
- કમ્પ્યુટર લેબ સતત ચાલુ રહે તમામ કમ્પ્યુટરની જાળવણી તેમજ કમ્પ્યુટર લેબ ધરાવતો રૂમ સ્વચ્છ, સુઘડ રહે તેમજ બારી-બારણાં મજબૂત હોય તે બાબત ખાસ જોવી.
- આપની શાળામાં આપવામાં આવેલ કમ્પ્યુટર શાળાના બાળકો તેમજ શિક્ષકોને આપવા માટે છે. તેની સંભાળની સંપૂર્ણ જવાબદારી SMC તેમજ આચાર્યશ્રીની છે. આપેલ કમ્પ્યુટરના સાધનોની ચોરી ન થાય તે જોવાની જવાબદારી SMC તેમજ આચાર્યશ્રીની છે.
- આપની શાળામાં આપવામાં આવેલ કમ્પ્યુટરમાં શાળાનો અભ્યાસક્રમને આવરી લેતા પ્રોગ્રામ Insert કરવામાં આવેલ છે. જેનો મહત્તમ ઉપયોગ બાળકો તેમજ શિક્ષકોએ કરવો.
- શાળાના ટાઇમટેબલમાં દરરોજ એક તાસ ધોરણવાર/વિષયવાર કમ્પ્યુટરનો પણ આપવો અને શિક્ષકો પોતાના વિષયોનું જ્ઞાન કમ્પ્યુટર ધ્વારા આપે તે અતિ આવશ્યક છે જે માટે શાળાના શિક્ષકો સ્કુલ કો-ઓર્ડિનેટર પાસેથી કમ્પ્યુટરમાં Install કરવામાં આવેલ Content નો અભ્યાસ કરી ત્યારબાદ પોતાનો વિષય અચૂક કમ્પ્યુટર ધ્વારા શીખવે તેની SMC તેમજ આચાર્યશ્રીએ તકેદારી રાખવી.
- ખામીયુક્ત સાધન સામગ્રી જો સમયસર રીપેર ન થાય તો નીચે મુજબના દંડની જોગવાઇ છે તે બાબત ધ્યાને લેવી.
  - કમ્પ્યુટર, શેર્ડ કમ્પ્યુટીંગ પી.સી.આઇ. કાર્ડ, એલ.સી.ડી., કિ-બોર્ડ તથા માઉસ જો ચાર દિવસથી વધુ બંધ રહે તો રૂ. 200 પ્રતિદિન ના દંડની જોગવાઇ છે.

http://teachersvadodara.yolasite.com/

- ○ પ્રિન્ટર, યુ.પી.એસ. સ્ટેબીલાઇઝર તથા ડીશ એન્ટેના જો ચાર દિવસથી વધુ બંધ રહે તો રૂ. 100 પ્રતિદિનના દંડની જોગવાઇ છે.
- ○ જો બંધ સામગ્રીની જગ્યાએ હંગામી ધોરણે જો બીજું સાધન ચાલુ હોય તો ઉપરોક્ત દંડ લાગશે નહી.

- શાળા કો-ઓર્ડિનેટર તથા ઝોનલ કો-ઓર્ડિનેટરની શાળા મુલાકાત ન લે તો તે અંગે દંડની જોગવાઇ
  - ○ જો શાળા કો-ઓર્ડિનેટર અઠવાડિયા દરમિયાન પોતાની દરેક શાળાની મુલાકાત ન લે તો મુલાકાત ન લીધેલ શાળા દીઠ રૂ. 100 ના દંડની જોગવાઇ છે.
  - ○ ઝોનલ કો-ઓર્ડિનેટર છ મહિનાના સમય દરમિયાન પોતાની પ્રત્યેક શાળાની મુલાકાત લેશે અને પ્રત્યેક મુલાકાત ન લીધેલ શાળા દીઠ રૂ. 500 ના દંડની જોગવાઇ છે.

- **ફરિયાદ અને અન્ય બાબતો માટેના સંપર્ક:**

એજન્સી દ્વારા ફરિયાદ નિવારણ માટે ફરિયાદ નિવારણ માળખાની રચના (Mechanism) ગોઠવવામાં આવશે જેથી વધુમાં વધુ ૨ કાર્યદિનની અંદર ફરિયાદનુ નિવારણ થઇ શકે. ફરિયાદ નોંધાવવા માટે વિવિધ એજન્સીના નામ તથા સંપર્ક નંબર નીચે મુજબ છે.

| નં. | એજન્સી | ઝોન | સંપર્ક નંબર |
|---|---|---|---|
| 1 | **આઇ.એલ.એન્ડ એફ.એસ. લિ.** | ઝોન-૧- ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર<br>ઝોન-૫- આણંદ,ખેડા,પંચમહાલ | **+91 79 40266300** |
| 2 | **એવરોન એજ્યુકેશન લિ** | ઝોન-૩-બનાસકાંઠા, કચ્છ | **+91 288 6456888** |
| | | ઝોન-૨-અમરેલી, જામનગર, જૂનાગઢ, પોરબંદર | **+91 288 6456111** |
| 3 | **એચ.સી.એલ. ઇન્ફોસિસ્ટમ લિ.** | ઝોન-૪ અમદાવાદ, ગાંધીનગર, પાટણ, સાબરકાંઠા | **+91 9099954449**<br>**+91 9099954448** |
| 4 | **કોર પ્રોજેક્ટ્સ એન્ડ ટેક્નોલોજિસ લિ.** | ઝોન-૬-ભરૂચ, દાહોદ, સુરત, નર્મદા, તાપી, વડોદરા, વલસાડ | **+91 8511199839,**<br>**+91 8511199840** |

Created With Trial Version
Created With Trial Version
Created With Trial Version
Created With Trial Version

http://teachersvadodara.yolasite.com/